MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

# ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ

**માર્ગદર્શક :**
ડૉ. નરેશ જી. વાઘેલા
આસિસ્ટંટ પ્રોફેસર (મનોવિજ્ઞાન)
શ્રી એન. કે. મહેતા એન્ડ એમ. એફ. દાની
આર્ટ્સ કોલેજ, માલવણ. જી. મહિસાગર

**સંશોધક:**
પ્રવિણ જે. રોહિત
પીએચ. ડી. શોધાર્થી(મનોવિજ્ઞાન)
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,ગોધરા,
જી. પંચમહાલ

- **સારાશં :**

પ્રસ્તુત અભ્યાસનો ઉદ્દેશ્ય કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો હતો. જેમાં દાહોદ જીલ્લામાં આવેલી વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને યદચ્છ નિદર્શ પધ્ધતિ દ્વારા અભ્યાસના નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આ અભ્યાસમાં કુલ ૧૨૦ નિદર્શનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૬૦ છોકરા અને ૬૦ છોકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધન માટે ડૉ. સુભાશ સરકાર અને પ્રસેનજીત દાસ દ્વારા રચિત 'ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ એટીટ્યુડ સ્કેલ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલ માહિતીનું સ્કોરીંગ કરવામાં આવ્યુ તેમજ સ્કોરીંગના આધારે આકડાશાસ્ત્રીય પધ્ધતિ દ્વારા મધ્યક, પ્રમાણિત વિચલન, અને ટી - મૂલ્ય શોધવામાં આવ્યું. સંશોધનના પરિણામો દર્શાવે છે કે છોકરીઓ કરતા છોકરામાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે, વિભક્ત કુટુંબ કરતા સંયુક્ત કુટુંબમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે, શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે, વિનયન વિદ્યાશાખા કરતા વિજ્ઞાન વિદ્યાશાખામાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે.

- Key Word : ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ, જાતિ, કુટુંબનો પ્રકાર, રહેઠાણનો વિસ્તાર, વિદ્યાશાખાનો પ્રકાર.

- **પ્રસ્તાવના :**

સોશિયલ નેટવર્કિંગ એ એક એવુ માધ્યમ છે જ્યાં લોકો તેમના વિચારો, લાગણીઓ, રુચિઓ એકબીજા સાથે વહેચી શકે છે, સામાજિક સંબંધ બાંધે છે, તેમજ વ્યક્તિગત માહિતી મેળવી શકે છે. ફેસબુક, માયસ્પેસ, ટ્વિટર અને વોટ્સપ વગેરે કેટલીક જાણીતી સોસિયલ સાઈટ્સ છે. જેમાં છેલ્લા દસ વર્ષમાં પરિવર્તન

આવ્યુ છે. ઈન્ટરનેટની શોધ પછી સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સનો વપરાશ ખુબ વધવા મંડ્યો. જેના કારણે સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સનું લોકોમાં આકર્ષણ વધ્યું છે સતત લાખો લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે અને સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સનો ઉપયોગ માટે કરે છે. સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સનો વારંવાર ઉપયોગ કરવાથી વર્તન - વ્યવહાર પર અસર કરે છે. આ અસરો ઘણી લાંબી પણ હોઈ શકે છે. તેમજ હકારાત્મક અને નકારાત્મક પણ હોઈ શકે છે.

સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ પર ઝડપી અને સમય બચાવવા માટે ટૂંકા શબ્દો, વાક્યો, પ્રતીકો અને અયોગ્ય વ્યાકરણનો ઉપયોગ થતો હોય છે જેના કારણે ભાષાશક્તિ ઉપર તેની વિપરીત અસર જોવા મળે છે. ઘણા પ્રકારના રિસર્ચમાં જાણવા મળ્યું છે કે સોશિયલ નેટવર્ક વિદ્યાર્થીઓની પર નકારાત્મક અસર કરે છે. ભાષા એ અન્ય લોકો સાથે વાતચીત કરવા માટે જરૂરી સાધન છે, પરંતુ સામાજિક નેટવર્ક વિદ્યાર્થીઓની ભાષાને ઝડપથી પ્રભાવીત કરી રહ્યું છે.

વર્તમાન સમય એ ડિજિટલ વિશ્વમાં ફેરવાઈ રહ્યું છે ત્યારે ઇન્ટરનેટ અને મોબાઇલ ટેક્નોલોજી રોજિંદા પ્રવૃત્તિઓમાં ખૂબ જ નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે. કોમ્પ્યુટર એપ્લીકેશનમાં થયેલી પ્રગતિએ ઘણા મોટા ફેરફારો કર્યા છે. જે વ્યક્તિના જીવન ઉપર અસર કરે છે. વ્યક્તિના વર્તન – વ્યવહાર ઉપર અસર કરે છે. વિચાર શક્તિને પ્રભાવિત કરે છે. આવેગાત્મક ક્ષમતાને અસર કરે છે. ટુંકમાં સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સની ક્રાંતિ એ સમગ્ર માનવજીવન ઉપર ઘેરી ઊંડી અસર કરી છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસનો ઉદ્દેશ્ય વિધ્યાર્થીઓમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો છે.

- **હેતુઓ** :

પ્રસ્તુત સંશોધન અભ્યાસના હેતુઓ નીચે પ્રમાણે છે.

1. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જાતિના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો છે.
2. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કુટુંબના પ્રકારના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો છે.
3. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો છે.
4. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિદ્યાશાખાના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો છે.

- **ઉત્કલ્પના** :

પ્રસ્તુત અભ્યાસની પૂર્વધારણાઓ નીચે મુજબ છે.

Ho1 : કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જાતિના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિં.

Ho2 : કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કુટુંબના પ્રકારના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિં.

Ho3 : કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિં.

Ho4 : કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિદ્યાશાખાના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિં.

- **નિદર્શ** :

પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે યદચ્છ નિદર્શન પધ્ધતિ દ્વારા દાહોદ જીલ્લામાં આવેલી વિનયન અને વિજ્ઞાન કોલેજોમાંથી સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા ૬૦ છોકરા અને ૬૦ છોકરીઓ એમ કુલ ૧૨૦ અભ્યાસના નમુના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

- **પરિવર્ત્યો** :

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના પરિવર્ત્યો છે.

| ક્રમ | પરિવર્ત્ય | પરિવર્ત્ય | પરિવર્ત્યની કક્ષા | કક્ષાનો વિસ્તાર |
|---|---|---|---|---|
| ૧ | ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ | આધારિત પરિવર્ત્ય | ૧ | ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ |
| ૨ | જાતિ | સ્વતંત્ર પરિવર્ત્ય | ૨ | ૧. પુરૂષ<br>૨. સ્ત્રી |
| 3 | કુટુંબનો પ્રકાર | સ્વતંત્ર પરિવર્ત્ય | ૨ | ૧. સંયુક્ત<br>૨. વિભક્ત |
| ૪ | રહેઠાણનો વિસ્તાર | સ્વતંત્ર પરિવર્ત્ય | ૨ | ૧. શહેરી |

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ૨. ગ્રામીણ |
| ૫ | વિદ્યાશાખાનો પ્રકાર | સ્વતંત્ર પરિવર્ત્ય | ૨ | ૧. વિનયન<br>૨. વિજ્ઞાન |

- **સંશોધન યોજના** :

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો હતો. તેથી ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓની અભ્યાસના નમુના તરીકે પસંદગી કરવામાં આવી હતી. સૌપ્રથમ વ્યક્તિગત માહિતી પત્રક વિદ્યાર્થીઓ પાસે ભરાવવામાં આવ્યા ત્યારબાદ ડૉ. સુભાશ સરકાર અને પ્રસેનજીત દાસ દ્વારા રચિત 'ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ એટીટ્યુડ સ્કેલ' આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આપેલી પ્રતિક્રિયાના આધારે સ્કોરીંગ કરવામાં આવ્યુ હતું. મેળવેલા પ્રાંપ્તાકોના આધારે મધ્યક, પ્રમાણિત વિચલન, અને ટી - મૂલ્યની આંકડાકીય ગણતરી કરવામાં આવી અને પરિણામ મેળવવામાં આવ્યું.

- **માહિતી એકત્રિકરણના સાધનો** :

પ્રસ્તુત અભ્યાસ માટે વ્યક્તિગત માહિતી પત્રક મેળવવાના ઉદ્દેશ્યથી ઉંમર, શૈક્ષણિક લાયકાત, જાતિ, કુટુંબનો પ્રકાર, રહેઠાણનો વિસ્તાર, વિદ્યાશાખાનો પ્રકાર વગેરે ઘટકોનો સમાવેશ કરી માહિતી એકત્રિત કરવામાં આવી. ત્યારબાદ ડૉ. સુભાશ સરકાર અને પ્રસેનજીત દાસ દ્વારા રચિત 'ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ એટીટ્યુડ સ્કેલ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સ્કેલમાં ૫૦ વિધાનો છે. જેમાં દરેક વિધાન સામે સંપૂર્ણ સહમત, સહમત, અનિર્ણિત, અસહમત અને સંપૂર્ણ અસહમત વિકલ્પ આપવામાં આવ્યા છે. વિદ્યાર્થી વિધાન સામે વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ પોતાની સમજના આધારે પસંદ કરી પોતાની પ્રતિક્રિયા આપી શકે છે. વિધાન સામે વિદ્યાર્થી એકથી વધારે પ્રતિક્રિયા આપી શકે નહિ તેનું ધ્યાન રાખવાનું હોય છે. પ્રસ્તુત સ્કેલની વિશ્વસનીયતા ઈન્ટરનેટ પર ૦.૮૬ અને સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ પર ૦.૮૪ જોવા મળે છે. સંપૂર્ણ સ્કેલની વિશ્વસનિયતા ૦.૮૫ જોવા મળે છે.

- **માહિતી એકત્રિકરણ અને પ્રક્રિયા** :

નિદર્શમાં જણાવ્યા પ્રમાણે દાહોદ જીલ્લામાં આવેલી વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાની કોલેજોમાંથી ૧૨૦ વિદ્યાર્થીઓને અભ્યાસના નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આરંભે સ્કેલને લગતી કેટલીક સુચનાઓ આપવામાં આવી. ત્યારબાદ વ્યક્તિગત માહિતીપત્રક અને ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ એટીટ્યુડ સ્કેલ આપવામાં આવી અને વિદ્યાર્થીઓ જ્યારે સ્કેલ સંપૂર્ણ ભરી દે ત્યારે મેળવી લેવામાં આવી. આમ વિદ્યાર્થીઓ

પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી. એકત્રિત કરેલ માહિતીના આધારે વિધાન સામે આપેલી પ્રતિક્રિયાના આધારે સ્કોરિંગ કરવામાં આવ્યું. જે પ્રાપ્તાંકો સ્વરૂપે નોધવામાં આવ્યા. પ્રાપ્ત કરેલા પ્રાપ્તાંકોની આંકડાશાસ્ત્રીય પધ્ધતીથી ગણતરી કરવામાં આવી.

- **આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ** :

એકત્રિત કરેલ માહિતીનું સ્કોરિંગ દ્વારા પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા જેના આધારે માહિતી વિશ્લેશણ કરવામાં આવ્યું. માહિતી વિશ્લેષણ માટે મધ્યક, પ્રમાણિત વિચલન, અને ટી - મૂલ્ય આંકડાકીય રીતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેના આધારે પરિણામ મેળવામાં આવ્યુ હતું.

- **પરિણામ અને અર્થઘટન** :

પ્રસ્તુત અભ્યાસનો ઉદ્દેશ્ય ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો હતો. યોજના પ્રમાણે અને માહિતી એકત્રીકરણની પ્રક્રિયા મુજબ એકત્રીત થયેલ માહિતીનું વિશ્લેશણ કરતાં પ્રાપ્ત પરિણામોને નીચે પ્રમાણે રજુ કરવામાં આવ્યા છે.


પરિણામ કોષ્ઠક : ૧, જાતિ અને ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણોના પ્રાંપ્તાકોનો મધ્યક, પ્રમાણિત વિચલન અને ટી – મૂલ્ય.

| ક્રમ | જુથ | સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન | ટી – મૂલ્ય | કોષ્ઠક કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | છોકરાઓ | 60 | 157.85 | 14.08 | 0.62 | 1.98 | NS |
| 2 | છોકરીઓ | 60 | 154.13 | 14.17 | | | |

પરિણામ કોઠા ૧ જોતા જણાય છે કે ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો વચ્ચેના તફાવત અંગે 0.62 ટી ગુણોત્તર જોવા મળે છે. જે માન્ય 0.05 કક્ષાએ સાર્થક નથી. એટલે કે શુન્ય ઉત્કલ્પના “કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જાતિના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મદ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિં.” નો સ્વીકાર થાય છે. છોકરાઓના ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યક 157.85 છે જ્યારે છોકરીઓના ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યક 154.13 છે. તેથી કહી શકાય કે છોકરીઓ કરતા છોકરામાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે.

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

છોકરીઓ કરતાં છોકરાઓમાં ઈન્ટરનેટ અને સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સ તરફ વધુ વલણ જોવા મળવાનું અનેક કારણો હોઈ શકે છે. જેમ કે છોકરાઓમાં ટેક્નોલોજી ક્ષેત્રે વધુ રસ હોઈ શકે છે, જે તેમને ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર વધુ સમય પસાર કરવાનું પ્રોત્સાહન આપે છે. છોકરાઓ મોટા પ્રમાણમાં ઓનલાઈન ગેમ્સ રમતા હોય છે. છોકરાઓને સોશિયલ મીડિયા પર પોતાના પ્રતિભા, જીવનશૈલી, અથવા કારકિર્દીનું પ્રદર્શન કરવાની તીવ્ર ઈચ્છા ધરાવતા હોય છે.





ગ્રાફ ૧. જાતિ અને ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણોના પ્રાંપ્તાકોનો મધ્યક દર્શાવતો ગ્રાફ.

પરિણામ કોષ્ઠક : ૨, કુટુંબનો પ્રકાર અને ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણોના પ્રાંપ્તાકોનો મધ્યક, પ્રમાણિત વિચલન અને ટી – મૂલ્ય.

| ક્રમ | જુથ | સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન | ટી – મૂલ્ય | કોષ્ઠક કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સંયુક્ત કુટુંબ | 56 | 158.07 | 11.13 | 0.61 | 1.98 | NS |
| 2 | વિભક્ત કુટુંબ | 64 | 154.17 | 16.28 | | | |

પરિણામ કોઠા ૨ જોતા જણાય છે કે ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો વચ્ચેના તફાવત અંગે 0.61 ટી ગુણોત્તર જોવા મળે છે. જે માન્ય 0.05 કક્ષાએ સાર્થક નથી. એટલે કે શુન્ય ઉત્કલ્પના "કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કુટુંબના પ્રકારના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિં." નો સ્વીકાર થાય છે. સંયુક્ત કુટુંબના ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યક 158.07 છે જ્યારે વિભક્ત કુટુંબના ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યક 154.17 છે. તેથી કહી શકાય કે વિભક્ત કુટુંબ કરતા સંયુક્ત કુટુંબમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે.

વિભક્ત કુટુંબ કરતા સંયુક્ત કુટુંબમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે. જેના કારણોમાં જોઈએ તો સંયુક્ત કુટુંબમાં નાના બાળકો, યુવાનો અને પ્રૌઢો સાથે રહેતા હોય છે. યુવાનો મોટાભાગે સોશિયલ નેટવર્કિંગ પર સક્રિય હોય છે. સંયુક્ત કુટુંબમાં વધુ ડિવાઇસ (મોબાઇલ, લેપટોપ, ઇન્ટરનેટ કનેક્શન) ખરીદવામાં સરળતા જોવા મળે છે. પરિવારના સભ્યો નવી એપ્લિકેશન કે ટેક્નોલોજી વિશે બીજાને શીખવવામાં મદદરૂપ બનતા હોય છે. સંયુક્ત કુટુંબમાં ટીવી શો, વિડિયો કે મલ્ટીમીડિયા સામગ્રી એક સાથે માણી શકાય છે. સંયુક્ત કુટુંબમાં સંબંધીઓ અને મિત્રોના વ્યાપકતા વધારે હોય છે, જેનાથી સમાજમાં જોડાયેલા રહેવા માટે સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સ વધુ ઉપયોગમાં આવે છે.




ગ્રાફ ૨. કુટુંબનો પ્રકાર અને ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણોના પ્રાંપ્તાકોનો મધ્યક દર્શાવતો ગ્રાફ.


પરિણામ કોષ્ઠક : 3, રહેઠાણનો પ્રકાર અને ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણોના પ્રાંપ્તાકોનો મધ્યક, પ્રમાણિત વિચલન અને ટી – મૂલ્ય.

| ક્રમ | જુથ | સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન | ટી – મૂલ્ય | કોષ્ઠક કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | શહેરી વિસ્તાર | 57 | 155.09 | 15.17 | 0.28 | 1.98 | NS |
| 2 | ગ્રામ્ય વિસ્તાર | 63 | 156.81 | 13.30 | | | |

પરિણામ કોઠા 3 જોતા જણાય છે કે ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો વચ્ચેના તફાવત અંગે 0.28 ટી ગુણોત્તર જોવા મળે છે. જે માન્ય 0.05 કક્ષાએ સાર્થક નથી. એટલે કે શુન્ય ઉત્કલ્પના "કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિં." નો સ્વીકાર થાય છે. શહેરી વિસ્તારના ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યક 155.09 છે જ્યારે ગ્રામ્ય વિસ્તારના ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યક 156.81 છે. તેથી કહી શકાય કે શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે.

ગ્રામ્ય વિસ્તારમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે. જેના કારણોમાં જોઈએ તો ટેકનોલોજીના પ્રસાર સાથે કનેક્ટિવિટી સુવિધાઓમાં સુધારો અને સ્માર્ટફોનના વધતા ઉપયોગ, **સસ્તા ડેટા પેક અને સ્માર્ટફોન, મનોરંજનની ઉપલબ્ધતા, ઓનલાઇન વ્યવહારો અને સેવાઓ, જાગૃતિ અને શિક્ષણ વગેરે હોઈ શકે છે.**

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024




ગ્રાફ ૩. રહેઠાણનો પ્રકાર અને ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણોના પ્રાંપ્તાકોનો મધ્યક દર્શાવતો ગ્રાફ.


પરિણામ કોષ્ઠક : ૪, વિદ્યાશાખા અને ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણોના પ્રાંપ્તાકોનો મધ્યક, પ્રમાણિત વિચલન અને ટી – મૂલ્ય.

| ક્રમ | જુથ | સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન | ટી – મૂલ્ય | કોષ્ઠક કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વિનયન વિદ્યાશાખા | 60 | 153.75 | 14.53 | 0.74 | 1.98 | NS |
| 2 | વિજ્ઞાન વિદ્યાશાખા | 60 | 158.23 | 13.60 | | | |

પરિણામ કોઠા ૪ જોતા જણાય છે કે ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો વચ્ચેના તફાવત અંગે 0.74 ટી ગુણોત્તર જોવા મળે છે. જે માન્ય 0.05 કક્ષાએ સાર્થક નથી. એટલે કે શુન્ય ઉત્કલ્પના “કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિદ્યાશાખાના સંદર્ભમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિં.” નો સ્વીકાર થાય છે. વિનયન વિદ્યાશાખાના ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યક 153.75 છે જ્યારે વિજ્ઞાન વિદ્યાશાખાના ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના પ્રાપ્તાકોના મધ્યક 158.23 છે. તેથી કહી શકાય કે વિનયન વિદ્યાશાખા કરતા વિજ્ઞાન વિદ્યાશાખામાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે.

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

વિજ્ઞાન વિદ્યાશાખામાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે. જેના કારણોમાં જોઈએ તો **માહિતીની સરળતા, સંશોધન અને સહકાર માટેનું પ્લેટફોર્મ, શિક્ષણ અને શીખવાની નવી રીતોની વ્યાપકતા, વૈશ્વિક જોડાણ, અવનવા સમાચાર,** નવી ટેકનોલોજી, સંશોધન પરિણામો અથવા વૈજ્ઞાનિક ઘટનાઓ સોસિયલ મીડિયાથી જ ઉપલબ્ધ થઈ રહી છે.




ગ્રાફ ૪. વિદ્યાશાખા અને ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણોના પ્રાંપ્તાકોનો મધ્યક દર્શાવતો ગ્રાફ.

- **તારણો** :

1. છોકરીઓ કરતા છોકરામાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે.
2. વિભક્ત કુટુંબ કરતા સંયુક્ત કુટુંબમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે.
3. શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારમાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે.
4. વિનયન વિદ્યાશાખા કરતા વિજ્ઞાન વિદ્યાશાખામાં ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સના વલણો વધારે જોવા મળે છે.

- **સંદર્ભ** :

1. Boyd, D. M., and Ellison, N. B. (2007). Social network sites: Definition, history, and scholarship. Journal of Computer-Mediated Communication, 13(1), article 11. Retrieved June 25, 2013, from http://jcmc.indiana.edu/vol13/issue1/boyd.ellison.html.
2. Mahajan, Preeti (2009). Use of social networking sites in a linguistically and culturally rich India. The International Information & library Review.41, 129-136.

3. Naushia Parveen (2011). Use of social networking sites (Facebook) in making awareness among the Library and Information Science professionals of University of U.P.: A case study. International Journal of Digital Library Services. 1, 1, 9-17.
4. Singh, K P and Gill, Malkeet Singh (2011). Use of social networking sites by the research scholars: A study of Guru Nanak Dev University, Amritsar. Library Herald.49, 3, 229-241.
5. Craig, D. (2003). Instant messaging: The language of youth literacy. The Boothe Prize Essays 2003, 118-119.
6. Shih, R.-C. (2011). Can Web 2.0 technology assist college students in learning English writing? Integrating Facebook and peer assessment with blended learning. Australasian Journal of Educational Technology, 27(5), 829-845.
7. Kabilan, M. K., Ahmad, N., & Abidin, M. J. Z. (2010). Facebook: An online environment for learning of English in institutions of higher education? The Internet and Higher Education, 13(4), 179-187.
8. Omar, H., Embi, M. A., & Yunus, M. M. (2012). ESL learners' interaction in an Online discussion via Facebook. Asian Social Science, 8(11), 67-74.

Certificate No.:020412202412


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
## (MUCOJOR)-2583-9829 (On-line)
## International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding

**ડૉ. નરેશ જી. વાઘેલા**

In recognition of the publication of the paper entitled

**ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ**

Published in Volume 02, Issue 04, December 2024.

**EDITOR IN CHIEF**

Certificate No.:020412202412


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding

**પ્રવિણ જે. રોહિત**

In recognition of the publication of the paper entitled

**ઈન્ટરનેટ & સોસિયલ નેટવર્કિંગ સાઈટ્સ અંગેના વલણો જાણવાનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ**

Published in Volume 02, Issue 04, December 2024.

**EDITOR IN CHIEF**